### યુએસ પ્રમુખ ટ્રમ્પની ટેરિફની ધમકીઓ સામે યુનિયનોએ મોરચો ખોલ્યો

# ટ્રેડ યુનિયનો-કિસાન મોરચા મંચનું પ્રદર્શન

## કંપનીઓ માટે ખૂલ્લા બજારોની માગ અને રાષ્ટ્રોને ધમકી આપવા ટેરિફનો ઉપયોગ હથિયાર તરીકે કરે છે



નવી દિલ્હી, તા.૪

દેશના ૧૦ કેન્દ્રીય ટ્રેડ યુનિયનો અને યુનાઈટેડ કિસાન મોરચાના મંચ, સેન્ટ્રલ ટ્રેડ યુનિયનો-જીદ્ભસ એ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ ધમકીઓ અને ભારત-યુકે CETA સામે મોરચો ખોલ્યો. આ સંગઠનોએ ૧૩ ઓગસ્ટે દેશવ્યાપી વિરોધનું આહ્વાન કર્યું છે.

દેશના ૧૦ કેન્દ્રીય ટ્રેડ યુનિયનો અને યુનાઈટેડ કિસાન મોરચાના મંચ, સેન્ટ્રલ ટ્રેડ યુનિયનો-જીદ્ભસ એ સોમવારે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ ધમકીઓ અને ભારત-યુકે CETA સામે મોરચો ખોલ્યો. આ સંગઠનોએ ૧૩ ઓગસ્ટે દેશવ્યાપી વિરોધનું આહ્વાન કર્યું છે. સંયુક્ત નિવેદન અનુસાર, CTU-SKM એ ટ્રમ્પની ભારત પર ૨૫ ટકા ટેરિફ અને રશિયા સાથેના તેલ વેપાર કરાર માટે દંડાત્મક કર લાદવાની તાજેતરની ધમકીઓની સખત નિંદા કરી છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે CTU-SKM તમામ ખેડૂતો, કામદારો, વિદ્યાર્થીઓ અને દેશભક્ત નાગરિકોને ૧૩ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ રાષ્ટ્રવ્યાપી પ્રતિકાર દિવસ પર જોડાવા માટે આહ્વાન કરે છે, જેમાં ટ્રેક્ટર અને મોટરસાયકલ રેલીઓ, વિરોધ, જાહેર સભાઓ અને વિવિધ પ્લેટફોર્મ અને ભાગીદાર સંગઠનો દ્વારા નક્કી કરાયેલા વિરોધના અન્ય સ્વરૂપો જેવા વિવિધ સામૂહિક પગલાંનો સમાવેશ થશે. ટ્રેડ યુનિયનો અને ખેડૂત સંગઠનોએ માંગ કરી છે કે ભારત ટ્રમ્પની ટેરિફ ધમકીઓને નકારી કાઢે અને રશિયા સહિત તમામ દેશો સાથે વેપાર કરવાનો પોતાનો સાર્વભૌમ અધિકાર જાહેર કરે. તેમણે માંગ કરી છે કે ભારત-યુકે CETA ની તાત્કાલિક સમીક્ષા અને સુધારો કરવામાં આવે. તેમણે ભાર મૂક્યો કે કોર્પોરેટ શોષણને રોકવા માટે યુએસ-ભારત વેપાર સોદા માટેની તમામ વાટાઘાટો બંધ કરવી જોઈએ. સંગઠનોએ કહ્યું છે કે હવે કોઈ ગુપ્ત વેપાર કરારો રહેશે નહીં - ભવિષ્યના તમામ સોદાઓ સંપૂર્ણ સંસદીય ચકાસણી અને જાહેર પરામર્શમાંથી પસાર થવા જોઈએ.

આરોપ છે કે ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ વેપાર દ્વારા ભારત પર વસાહતીકરણ કર્યું - આજે, CETA અને યુએસ વેપાર કરારો કોર્પોરેટ સામ્રાજ્યવાદના નવા સાધનો છે. મજૂર અને ખેડૂત સંગઠનોએ જાહેરાત કરી છે કે તેઓ ખેડૂત, કામદાર સાર્વભૌમત્વ અને સ્વતંત્રતાના રક્ષણ માટે ૧૩ ઓગસ્ટે ઉભા થશે, જે સ્પષ્ટ સંદેશ આપશે. નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકા દ્વારા ટેરિફની જાહેરાત આર્થિક દબાણ બનાવવાનો સ્પષ્ટ માર્ગ છે. તેનો હેતુ રશિયા સાથેના ભારતના વેપાર સંબંધો પર પ્રશ્ન ઉઠાવીને ભારતને નિર્દેશિત કરવાનો છે. સંગઠનોએ તેમના નિવેદનમાં જણાવ્યું હતું કે આવા આક્રમક પગલાં અમેરિકાની વેપાર નીતિના દંભને ઉજાગર કરે છે.

અમેરિકા તેની કંપનીઓ માટે ખુલ્લા બજારોની માંગ કરે છે અને સાર્વભૌમ રાષ્ટ્રોને ધમકી આપવા માટે ટેરિફનો ઉપયોગ હથિયાર તરીકે કરે છે. નિવેદનમાં સરકારને ઘેરી લેવામાં આવી હતી અને કહેવામાં આવ્યું હતું કે આ ધમકીઓ સામે ભારત સરકારનું નમ્ર શરણાગતિ પણ એટલી જ ચિંતાજનક છે.

### ૪૦% પગાર વધારાનો કરારને પણ ફગાવી દેવામાં આવ્યો

# બોઈંગ કંપનીમાં ફાઈટર જેટ બનાવવાનું કામ ઠપ : ૩૨૦૦ કર્મીઓ હડતાળ પર

## લેબર કોન્ટ્રાક્ટ પર કરાર ન થવાને કારણે કર્મચારીઓની હડતાળ




મુંબઈ,તા.૪

બોઈંગ કંપનીના લગભગ ૩,૨૦૦ કર્મચારીઓ હડતાળ પર છે. આ કર્મચારીઓ ફાઈટર જેટ અને સંરક્ષણ પ્રણાલી બનાવે છે. કર્મચારીઓની હડતાળને કારણે ફાઈટર જેટ બનાવવાનું કામ ઠપ થઈ ગયું છે. લેબર કોન્ટ્રાક્ટ પર કરાર ન થવાને કારણે કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા છે. સેન્ટ લુઈસ, સેન્ટ ચાર્લ્સ (મિઝોરી) અને મેસ્કાઉટાહ (ઈલિનોઈસ) ખાતે બોઈંગના પ્લાન્ટના કામદારો હડતાળ પર છે. આ કામદારો F-15 અને F/A-18 જેવા ફાઈટર જેટ, મિસાઈલો, સંરક્ષણ ટેકનોલોજી અને અન્ય ઉડ્ડયન સાધનોનું ઉત્પાદન અને જાળવણી કરે છે. કામદારો કહે છે કે તેઓ એવા વિમાનો અને સંરક્ષણ પ્રણાલીઓનું ઉત્પાદન કરે છે જે સુરક્ષા માટે મહત્ત્વપૂર્ણ છે. તેઓ એવા કરારને પાત્ર છે જે તેમના પરિવારોની આર્થિક સુરક્ષા સુનિશ્ચિત કરે. મેડિકલ, પેન્શન અને ઓવરટાઈમ જેવા લાભોમાં સુધારો કરવાનું પણ વચન આપ્યું હતું. પરંતુ કર્મચારીઓએ તેને અપૂરતું માન્યું અને કંપની દ્વારા આપવામાં આવેલી આ ઓફરને નકારી કાઢી. એક અઠવાડિયાના કૂલિંગ-ઓફ સમયગાળા પછી, બોઈંગે સુધારેલો પ્રસ્તાવ રજૂ કર્યો જેમાં ૪૦% પગાર વધારો અને વૈકલ્પિક કાર્ય સમયપત્રક જેવા મુદ્દાઓને સંબોધવામાં આવ્યા હતા. કામદારોએ આ પ્રસ્તાવને નકારી કાઢ્યો.

## બિઝનેસ આજકાલ

### AIથી ૪૦ પ્રકારની નોકરીઓ પર સંકટ, માઈક્રોસોફ્ટની સ્ટડીમાં ખુલાસો

નવી દિલ્હી : માઈક્રોસોફ્ટની સ્ટડીમાં જાણવા મળ્યું થે કે AI દ્વારા જે નોકરીઓ પર સૌથી વધુ અસર થવાની શક્યતા છે તેમાં ટ્રાંસલેટર્સ, રાઈટર,અને ઈતિહાસકારોનો સમાવેશ થાય છે. માઈક્રોસોફ્ટની સ્ટડીમાં એક મહત્વની વાતનો ખુલાસો થયો છે.એવામાં જણાવવામાં આવ્યું છે કે ઈંટરપ્રેટર્સ અને ટ્રાંસલેટર્સની સાથે કેટલીક એવી નોકરીઓ છે.જેના પર છૈંનો ખતરો છે.જેમાં ઈતિહાસકાર,સેલ્સ રિપ્રેજેંટેટિવ,પેસેંજર એટેનડેંટ જેવા કામો પર AIની વધારે અસર પડવાની સંભાવના છે. સામાન્ય રીતે, જ્યારે પણ એઆઈનો ઉલ્લેખ કરવામાં આવે છે, ત્યારે લોકો વિચારે છે કે આના કારણે, ભવિષ્યમાં IT, કન્સલ્ટન્સી, સંશોધન, લેખન વગેરે જેવી નોકરીઓ ખોવાઈ જશે.

### ભારતીય ઓટો-ટાયર ઉદ્યોગને એશિયન દેશો કરતાં વધુ નુકસાન

નવી દિલ્હી : રેટિંગ એજન્સી ICRA એ શનિવારે જણાવ્યું હતું કે ભારતીય નિકાસ પર ૨૫ ટકા યુએસ ટેરિફ સ્થાનિક ઓટો કમ્પોનન્ટ ઉદ્યોગ અને ટાયર ઉત્પાદકોને જાપાન, વિયેતનામ અને ઈન્ડોનેશિયા જેવા તેના એશિયન સમકક્ષો કરતાં વધુ નુકસાન પહોંચાડે તેવી શક્યતા છે. ICRA એ જણાવ્યું હતું કે ભારતના ઓટો કમ્પોનન્ટ નિકાસમાં અમેરિકાનો હિસ્સો ૨૭ ટકા અને ટાયર નિકાસમાં ૧૭ ટકા છે. તેથી, ટેરિફ વધારાથી ભારતીય ઉત્પાદકોને જાપાન, વિયેતનામ અને ઈન્ડોનેશિયા જેવા એશિયન સમકક્ષોની તુલનામાં ગેરલાભ થશે, જ્યાં ઓછી અથવા પસંદગીની ડ્યુટી લાગુ પડે છે.

### ફિચે GDPનો અંદાજ ૬.૪%થી ઘટાડીને ૬.૩% કર્યો : ટેરિફની મર્યાદિત અસર

નવી દિલ્હી. ફિચ રેટિંગ્સ અપેક્ષા રાખે છે કે માર્ચ ૨૦૨૬ માં પૂરા થતા નાણાકીય વર્ષમાં તેના રેટેડ ભારતીય કોર્પોરેટ્સના ક્રેડિટ મેટ્રિક્સમાં સુધારો થશે, કારણ કે વ્યાપક EBITDA માર્જિન તેમના ઊંચા મૂડીખર્ચને સરભર કરે છે. ભારતના વિકાસ દર પર રેટિંગ એજન્સીનું શું કહેવું છે તે અહીં છે. ફિચ રેટિંગ્સે શુક્રવારે ચાલુ નાણાકીય વર્ષ માટે ભારતના કુલ સ્થાનિક ઉત્પાદન (GDP)નો અંદાજ ઘટાડીને ૬.૩ ટકા કર્યો છે અને કહ્યું છે કે તેમને અપેક્ષા છે કે ભારતીય કંપનીઓ પર ઊંચા યુએસ ટેરિફની સીધી અસર મર્યાદિત રહેશે. એપ્રિલમાં તેના વૈશ્વિક આર્થિક દૃષ્ટિકોણમાં, ફિચે ૨૦૨૫-૨૬ માટે ભારતના GDP વૃદ્ધિ દર ૬.૪ ટકા રહેવાનો અંદાજ લગાવ્યો હતો.

### માતા-પિતા પોતાના બાળકના નામે ખાતું ખોલી શકે છે

નવી દિલ્હી : જો તમે તમારા બાળકના નામે રોકાણ શરૂ કરવાનું વિચારી રહ્યા છો, તો તમે પબ્લિક પ્રોવિડન્ટ ફંડ યોજનામાં રોકાણ કરી શકો છો. હાલમાં, આ યોજનામાં ૭.૧% વાર્ષિક વ્યાજ આપવામાં આવી રહ્યું છે. તમે તમારા બાળકના નામે PPF ખાતું ખોલાવીને સરળતાથી લાખોનું ભંડોળ બનાવી શકો છો. પરંતુ આ માટે કેટલાક ખાસ નિયમો છે. અમે તમને તે નિયમો વિશે જણાવી રહ્યા છીએ. કોઈ વ્યક્તિ પોતાના નામે ફક્ત એક જ PPF ખાતું ખોલાવી શકે છે. કોઈ વ્યક્તિ સગીર બાળકના નામે બીજું PPF ખાતું ખોલાવી શકે છે. પરંતુ અહીં નોંધનીય બાબત એ છે કે વાલી ફક્ત એક જ બાળકના નામે PPF ખાતું ખોલાવી શકે છે જો કોઈને બે બાળકો હોય, તો એક સગીર બાળકનું PPF ખાતું માતા અને બીજાનું પિતા ખોલી શકે છે.

# ભારતીય ટપાલ વિભાગ રજિસ્ટર્ડ પોસ્ટ સેવાને બંધ કરશે

નવી દિલ્હી, તા.૪

ભારતીય ટપાલ વિભાગ ૫૦ વર્ષથી વધુ સમયથી ચાલી રહેલી રજિસ્ટર્ડ પોસ્ટ સેવાને બંધ કરવાની યોજના બનાવી રહ્યું છે. ટપાલ વિભાગે તેના સંચાલનને ઝડપી અને સુવિધાઓને સરળ અને આધુનિક બનાવવાના ઉદ્દેશ્યથી આ નિર્ણય લીધો છે. ભારતીય ટપાલ વિભાગે એક મોટી જાહેરાત કરી છે જેના હેઠળ તે તેની રજિસ્ટર્ડ પોસ્ટ સેવા બંધ કરવાની યોજના બનાવી રહ્યું છે. આ નિર્ણય ૧ સપ્ટેમ્બર ૨૦૨૫ થી અમલમાં આવશે. ભારતીય ટપાલ વિભાગની રજિસ્ટર્ડ પોસ્ટ સેવા ૫૦ વર્ષથી વધુ સમયથી ચાલી રહી છે. વિભાગ હવે આ સેવાને સ્પીડ પોસ્ટ સાથે મર્જ કરવાની યોજના ધરાવે છે. ટપાલ વિભાગે તમામ સરકારી વિભાગો, અદાલતો, યુનિવર્સિટીઓ અને અન્ય સંસ્થાઓને ૧ સપ્ટેમ્બર પહેલા તેમની સેવાઓ સ્પીડ પોસ્ટમાં ટ્રાન્સફર કરવાનો નિર્દેશ આપ્યો છે. આ વિલીનીકરણ પછી, ટપાલ સેવા મોંઘી બનશે, જેના કારણે સામાન્ય નાગરિકો અને ખાસ કરીને ખેડૂતો, નાના વેપારીઓ અને ગ્રામીણ વિસ્તારોના લોકો માટે ટપાલ સેવાનો ખર્ચ વધશે, જેઓ સસ્તી ટપાલ સેવાઓ પર આધાર રાખે છે. સ્પીડ પોસ્ટ સેવાની કિંમત ૫૦ ગ્રામ સુધી ૪૧ રૂપિયાથી શરૂ થાય છે, જ્યારે રજિસ્ટર્ડ પોસ્ટ ૨૪.૯૬ રૂપિયા અને દરેક વધારાના ૨૦ ગ્રામ માટે ૫ રૂપિયા છે, જેના કારણે તે સ્પીડ પોસ્ટ કરતા ૨૦ થી ૨૫% સસ્તી બને છે. રજિસ્ટર્ડ પોસ્ટની માંગમાં સતત ઘટાડો થયો છે.

### સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૬ શેરો વધ્યા અને ૪ શેરો ઘટ્યા, ૪ શેરો ઘટ્યા

# સેન્સેક્સ વધારા સાથે 81,019 પર બંધ નિફ્ટી ૧૫૭ પોઈન્ટ વધી 24723 પર બંધ

## ટાટા સ્ટીલ અને ટાટા મોટર્સ સહિત કુલ ૧૮ શેરોમાં ૧% થી ૪.૫% ઘટાડો થયો



મુંબઈ, તા.૪

અઠવાડિયાના પહેલા ટ્રેડિંગ દિવસે, સોમવાર (૪ ઓગસ્ટ) ના રોજ, સેન્સેક્સ ૪૧૯ પોઈન્ટ વધીને ૮૧,૦૧૯ પર બંધ થયો. નિફ્ટી પણ ૧૫૭ પોઈન્ટ વધીને ૨૪,૭૨૩ પર બંધ થયો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૬ શેરો વધ્યા અને ૪ શેરો ઘટ્યા. કુલ ૧૨ શેરો ૧% થી ૪% ની વચ્ચે વધ્યા. ટાટા સ્ટીલના શેરમાં ૪% નો વધારો થયો. BEL અને અદાણી પોર્ટ્સના શેરમાં ૩% નો વધારો થયો. પાવર ગ્રીડ, HDFC બેંક અને ICICI બેંકના શેરમાં ઘટાડો થયો. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૪૩ શેર વધ્યા અને ૭ શેર ઘટ્યા. FMCG સિવાય, બધા NSE સૂચકાંકો વધીને બંધ થયા. નિફ્ટી મેટલ ૨.૪૮%, રિયલ્ટી ૧.૭૭%, ઓટો ૧.૬૧%, IT 1.60%, મીડિયા ૧.૫૧% અને PSU બેંકિંગ ૧.૨૬% વધ્યા. એશિયન બજારોમાં, જાપાનનો નિક્કી ૧.૨૫% ઘટીને ૪૦,૨૯૧ પર અને કોરિયાનો કોસ્પી ૦.૯૧% વધીને ૩,૧૪૮ પર બંધ થયો. હોંગકોંગનો હેંગ સેંગ ઈન્ડેક્સ ૦.૯૨% વધીને ૨૪,૭૩૩ પર બંધ થયો અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ૦.૬૬% વધીને ૩,૫૮૩ પર બંધ થયો. ૩૧ જુલાઈના રોજ, અમેરિકાનો ડાઉ જોન્સ ૧.૨૩% ઘટીને ૪૩,૫૮૯ પર બંધ થયો. આ દરમિયાન નાસ્ડેક કમ્પોઝિટ ૨.૨૪% ઘટીને ૨૦,૬૫૦ પર અને S&P 500 ૧.૬૦% ઘટીને ૬,૨૩૮ પર બંધ થયો. એફઆઈઆઈએ ૧ ઓગસ્ટના રોજ રૂ. ૩,૩૬૬ કરોડના શેર વેચ્યા ૧ ઓગસ્ટના રોજ, વિદેશી રોકાણકારો (FIIs) એ રોકડ સેગમેન્ટમાં રૂ. ૩,૩૬૬.૪૦ કરોડના શેર વેચ્યા હતા. તે જ સમયે, સ્થાનિક રોકાણકારો (DIIs) એ રૂ. ૩,૧૮૬.૮૬ કરોડની ચોખ્ખી ખરીદી કરી હતી. જુલાઈ મહિનામાં, વિદેશી રોકાણકારોએ રૂ. ૪૭,૬૬૬.૬૮ કરોડના શેર વેચ્યા છે. જ્યારે, સ્થાનિક રોકાણકારોએ આ સમયગાળા દરમિયાન રૂ. ૬૦,૯૩૯.૧૬ કરોડની ચોખ્ખી ખરીદી કરી છે. જૂન મહિનામાં, વિદેશી રોકાણકારો દ્વારા ચોખ્ખી ખરીદી રૂ. ૭,૪૮૮.૯૮ કરોડની રહી હતી. તે જ સમયે, સ્થાનિક રોકાણકારોએ પણ મહિનામાં રૂ. ૭૨,૬૭૩.૯૧ કરોડની ચોખ્ખી ખરીદી કરી હતી. ઓગસ્ટ મહિનાના પહેલા ટ્રેડિંગ દિવસે શુક્રવારે શેરબજારમાં ઉતાર-ચઢાવ જોવા મળ્યો. સેન્સેક્સ ૫૮૬ પોઈન્ટ ઘટીને ૮૦,૬૦૦ પર બંધ થયો. નિફ્ટી પણ ૨૦૩ પોઈન્ટ ઘટીને ૨૪,૫૬૫ પર બંધ થયો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૬ શેરો વધ્યા અને ૨૪ ઘટ્યા. સન ફાર્માના શેરમાં ૪.૪૩% ઘટાડો થયો. ટાટા સ્ટીલ અને ટાટા મોટર્સ સહિત કુલ ૧૮ શેરોમાં ૧% થી ૪.૫% ઘટાડો થયો. એશિયન પેઈન્ટ્સ, ટ્રેન્ટ અને એચયુએલમાં ૩% વધારો થયો.

### સેમિકન્ડક્ટર બજાર ૨૦૨૪-૨૦૨૫માં આશરે ૪૫-૫૦ બિલિયન ડોલર હોવાનો અંદાજ

# દુનિયાના ઉદ્યોગજગતમાં દુનિયામાં ભારતના સેમિકન્ડક્ટર બજારમાં ચિપનો ડંકો વાગશે



નવી દિલ્હી, તા.૪

ઉદ્યોગ જગતમાં ભારતનું સેમિકન્ડક્ટર બજાર ૨૦૩૦ સુધીમાં બેગણાથી પણ વધુ થવાની સંભાવના છે. આમ થવાથી દુનિયામાં ભારતની સેમિકન્ડક્ટર ચિપનો ડંકો વાગશે. મળતી માહિતી મુજબ, ભારતીય સેમિકન્ડક્ટર બજાર ૨૦૨૪-૨૦૨૫માં આશરે ૪૫-૫૦ બિલિયન ડોલર હોવાનો અંદાજ છે, જે ૨૦૨૩માં ૩૮ બિલિયન ડોલર હતું. જેના બિઝનેસના અનુમાન અનુસાર, આગામી વર્ષ ૨૦૩૦ સુધી ભારતીય સેમિકન્ડક્ટર બજાર આશરે ૧૦૦-૧૦૦ બિલિયન ડોલર પહોંચવાની શક્યતા છે. સેમિકન્ડક્ટર્સની જરૂરિયાત સરકારી પ્રયાસો અને ઉદ્યોગ પ્રતિક્રિયા પર પ્રકાશ પાડતા એક વિગતવાર નિવેદનમાં કોવિડ રોગચાળા દરમિયાન પસંદગીના ભૌગોલિક વિસ્તારો પર નિર્ભરતાને કારણે વિવિધ ટેકનોલોજી ક્ષેત્રો, ખાસ કરીને ઓટોમોટિવ ઉદ્યોગ દ્વારા સામનો કરવામાં આવેલા સંકટનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો અને વૈશ્વિક સપ્લાય ચેઈનમાં ભારતને વિશ્વસનીય ભાગીદાર તરીકે વિકસાવવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. હાલમાં તાઈવાન, દક્ષિણ કોરિયા, જાપાન, ચીન અને અમેરિકા જેવા દેશો સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં પ્રભુત્વ ધરાવે છે. તાઈવાન વિશ્વના ૬૦ ટકાથી વધુ સેમિકન્ડક્ટરનું ઉત્પાદન કરે છે, જેમાં લગભગ ૯૦ ટકા સૌથી અદ્યતન સેમિકન્ડક્ટરનો સમાવેશ થાય છે. યુએસ, યુરોપિયન યુનિયન, જાપાન અને દક્ષિણ કોરિયાએ સ્થાનિક ચિપ ઉત્પાદનને ટેકો આપવા અને એક જ ક્ષેત્ર પર વધુ પડતી નિર્ભરતા ઘટાડવા માટે રાષ્ટ્રીય વ્યૂહરચના શરૂ કરી છે. આ વૈશ્વિક પરિવર્તનમાં ભારત એક મહત્ત્વપૂર્ણ અને વિશ્વસનીય ભાગીદાર તરીકે ઉભરી રહ્યું હોવાનું સામે આવ્યું છે.વૈશ્વિક સેમિકન્ડક્ટર બજાર ૨૦૩૦ સુધીમાં એક લાખ કરોડ ડોલર સુધી પહોંચવાની સંભાવના છે.

# સોનું ૧૫૦૬ વધીને ૯૯,૭૫૯ પ્રતિ ૧૦ ગ્રામ : ચાંદી ૧૮૬૨ મોંઘી

નવી દિલ્હી, તા.૪

આજે એટલે કે ૪ ઓગસ્ટના રોજ સોના અને ચાંદીના ભાવમાં વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન અનુસાર, ૨૪ કેરેટ સોનાનો ભાવ ૧,૫૦૬ રૂપિયા વધીને ૯૯,૭૫૯ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થયો છે. પહેલા સોનાનો ભાવ ૯૮,૨૫૩ રૂપિયા હતો.

ચાંદીનો ભાવ ૧,૮૬૨ રૂપિયા વધીને ૧,૧૧,૫૦૮ રૂપિયા પ્રતિ કિલો થયો છે. અગાઉ ચાંદી ૧,૦૯,૬૪૬ રૂપિયા હતી. ૨૩ જુલાઈના રોજ સોનાએ ૧,૦૦,૫૩૩ રૂપિયા અને ચાંદીએ ૧,૧૫,૮૫૦ રૂપિયાની ઓલ ટાઈમ હાઈ બનાવી હતી. આ વર્ષે સોનાનો ભાવ ૧ લાખ ૪ હજાર સુધી જઈ શકે છે કેડિયા એડવાઈઝરીના ડિરેક્ટર અજય કેડિયા કહે છે કે યુએસ ટેરિફને કારણે ભૂ-રાજકીય તણાવ પ્રવર્તી રહ્યો છે. આ સોનાને ટેકો આપી રહ્યો છે. આનાથી સોનાની માંગ વધી રહી છે. આવી સ્થિતિમાં, આ વર્ષે સોનું પ્રતિ ૧૦ ગ્રામ ૧ લાખ ૪ હજાર રૂપિયા સુધી પહોંચી શકે છે. ચાંદી આ વર્ષે ૧ લાખ ૩૦ હજાર રૂપિયા સુધી પહોંચી શકે છે.

આ વર્ષે અત્યાર સુધીમાં સોનું ૨૩,૫૯૭ મોંઘુ થયું આ વર્ષે, એટલે કે ૧ જાન્યુઆરીથી અત્યાર સુધીમાં, ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૭૬,૧૬૨ રૂપિયાથી ૨૩,૫૯૭ રૂપિયા વધીને ૯૯,૭૫૯ રૂપિયા થયો છે. તે જ સમયે, ચાંદીનો ભાવ પણ ૨૫,૪૯૧ રૂપિયા વધીને ૮૬,૦૧૭ રૂપિયા પ્રતિ કિલોથી ૧,૧૧,૫૦૮ રૂપિયા થયો છે. ગયા વર્ષે, એટલે કે ૨૦૨૪ માં, સોનું ૧૨,૮૧૦ રૂપિયા મોંઘુ થયું હતું. ફક્ત પ્રમાણિત સોનું ખરીદો હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સના હોલમાર્ક ધરાવતું પ્રમાણિત સોનું ખરીદો. સોના પર ૬-અંકનો હોલમાર્ક કોડ હોય છે.

### સંસ્થાકીય રોકાણકારો અને મ્યુચ્યુઅલ ફંડનો હિસ્સો સતત વધ્યો

# ભારતીય કંપનીઓમાં પ્રમોટરોનો હિસ્સો ઘટીને ૪૦.૫૮ ટકા થયો

## ચોખ્ખા શેર વેચાણને કારણે આ ઘટાડો નોંધાયો હતો

નવી દિલ્હી, તા.૪

જૂન ક્વાર્ટર દરમિયાન, ખાનગી લિસ્ટેડ કંપનીઓમાં પ્રમોટરોનો હિસ્સો ઘટીને ૪૦.૫૮ ટકા થયો છે. આ છેલ્લા આઠ વર્ષમાં સૌથી નીચો સ્તર છે. તે જ સમયે, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો અને મ્યુચ્યુઅલ ફંડનો હિસ્સો સતત વધી રહ્યો છે. દેશની ખાનગી લિસ્ટેડ કંપનીઓમાં પ્રમોટરોનો હિસ્સો ઘટી ગયો છે.

૩૦ જૂન, ૨૦૨૫ સુધીમાં તે ઘટીને ૪૦.૫૮ ટકા થયો છે, જે છેલ્લા આઠ વર્ષમાં સૌથી નીચો સ્તર છે. એપ્રિલ-જૂન ક્વાર્ટર દરમિયાન રૂ. ૫૪,૭૩૨ કરોડના ચોખ્ખા શેર વેચાણને કારણે આ ઘટાડો નોંધાયો હતો. પ્રાઈમ ડેટાબેઝ ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર પ્રણવ હલ્દિયાએ જણાવ્યું હતું કે પ્રમોટરો દ્વારા શેરની ખરીદી સામાન્ય રીતે કંપનીમાં વિશ્વાસની નિશાની માનવામાં આવે છે. પરંતુ પ્રમોટરો દ્વારા શેરનું વેચાણ ઘણા કારણોસર થઈ શકે છે. પ્રમોટર્સ તેજીવાળા બજારનો લાભ લઈને પૈસા ઉપાડી રહ્યા છે, તેથી દેવા ઘટાડા, ઉત્તરાધિકાર આયોજન, પરોપકાર, અન્ય ક્ષેત્રોમાં રોકાણ કરવા અથવા લઘુત્તમ જાહેર શેરહોલ્ડિંગ જરૂરિયાતો પૂરી કરવા અને વ્યક્તિગત ખર્ચ માટે વ્યૂહાત્મક કારણો પણ આ ઘટાડા માટે મહત્વપૂર્ણ કારણો છે. તેમણે કહ્યું કે તાજેતરમાં IPO કંપનીઓમાં પ્રમાણમાં ઓછો પ્રમોટર હિસ્સો અને બજાર વધુને વધુ સંસ્થાકીય બનતું જાય છે તે પણ આ ઘટાડા માટે મહત્વપૂર્ણ કારણો છે. આનો અર્થ એ થયો કે હવે કંપનીઓમાં મુખ્ય રોકાણકારો મ્યુચ્યુઅલ ફંડ, વીમા કંપનીઓ, વિદેશી રોકાણકારો અને અન્ય સંસ્થાઓ છે, જેના કારણે પ્રમોટરોની ટકાવારી ઘટી રહી છે. હલ્દિયાના મતે, જો પ્રમોટર્સ શેર વેચાણ પછી પણ કંપનીમાં નોંધપાત્ર હિસ્સો જાળવી રાખે છે, અને આ વેચાણ બજાર ભાવની તુલનામાં મોટા ડિસ્કાઉન્ટ પર નથી. ઉપરાંત, કંપનીના ફંડામેન્ટલ્સમાં કોઈ મોટો ફેરફાર થયો નથી, તો તેની ચિંતા કરવાની જરૂર નથી.

# લૉન સસ્તી- EMI ઘટી શકે છે : વ્યાજદર પણ ઘટશે

નવી દિલ્હી,તા.૪

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મોનેટરી પોલિસી કમિટીની બેઠક આજથી એટલે કે સોમવાર, ૪ ઓગસ્ટથી શરૂ થઈ રહી છે. આ ત્રણ દિવસીય બેઠક પછી, બુધવાર, ૬ ઓગસ્ટના રોજ, ગવર્નર સંજય મલ્હોત્રા બેઠકમાં લેવાયેલા નિર્ણયો વિશે માહિતી આપશે.

આ વખતે પણ RBI વ્યાજ દરમાં ૨૫ બેસિસ પોઈન્ટ (૦.૨૫%)નો ઘટાડો કરે તેવી શક્યતા છે. એક્સપર્ટ્સ પણ માને છે કે યુએસ ટેરિફ વોર અને ગ્લોબલ અનિશ્ચિતતા GDP ગ્રોથને અસર કરી શકે છે. આવી સ્થિતિમાં, RBI એક છેલ્લો ઘટાડો કરી શકે છે, જેથી ગ્રોથને સપોર્ટ મળી શકે. RBIએ આ વર્ષે ત્રણ વખત વ્યાજ દરમાં ૧% ઘટાડો કર્યો છે. ફેબ્રુઆરીમાં યોજાયેલી બેઠકમાં વ્યાજ દર ૬.૫૦% થી ઘટાડીને ૬.૨૫% કરવામાં આવ્યા હતા.


## ગુજરાત ગ્રામીણ બેંક

રીજનલ ઓફિસ, મહેસાણા રીજીયન, ૧૨૪/૧લો માળ, અવસર પ્લાઝા બિલ્ડીંગ, રાધનપુર રોડ, મહેસાણા, તા. અને જી. મહેસાણા-૩૮૪૦૦૨
ઈમેલ: romehs@barodagujaratrrb.co.in, વેબસાઈટ www.gujaratgb.in

**પરિશિષ્ટ-IV-એ જુઓ સિક્યોરિટી (ઈન્ટરેસ્ટ) એન્ફોર્સમેન્ટ, નિયમ ૨૦૦૨ હેઠળ નિયમ ૯(૧) સાથે વંચાતા નિયમ ૮(૬)ની જોગવાઈ**
**સરફેસી અધિનિયમ ૨૦૦૨ હેઠળ ઓનલાઈન ઈ-હરાજી દ્વારા સ્થાવર મિલકતોના વેચાણ માટેની વેચાણ નોટીસ**

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬)ની જોગવાઇઓ સાથે વંચાતા સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ હેઠળ સ્થાવર અસેટ્સના વેચાણ માટે ઇ-હરાજી વેચાણ નોટીસ. આથી ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો) અને ગીરવેદારો તથા જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો મોર્ગેજ/ચાર્જ્ડ સિક્યોર્ડ લેણદાર ગુજરાત ગ્રામીણ બેંક (જુના બરોડા ગુજરાત ગ્રામીણ બેંક), અધિકૃત અધિકારીએ **પ્રત્યક્ષ કબજો** લઇ લીધો છે, જેનું વેચાણ નીચે જણાવેલ એકાઉન્ટની વસુલાત માટે **"જ્યાં છે", "જે છે", "જેમ છે" "આશ્રય વિનાના ધોરણે"** ના ધોરણે કરવામાં આવશે. દેવાદાર/રો/જામીનદાર/રો/ સિક્યોર્ડ મિલકત/તો/બાકી રકમ/ રીઝર્વ કિંમત/ઇ-હરાજીની તારીખ અને સમય, ઇએમડી અને બીડવૃદ્ધિની રકમ નીચે જણાવેલ છે:

| શાખા અને સંપર્ક નં. દેવાદારના નામ | મિલકતની વિગત | ૧. સરફેસી એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ માંગણી નોટિસની તારીખ ૨. બાકી રકમ ૩. કબજાની તારીખ ૪. કબજાની પ્રકાર | ૧. રીઝર્વ કિંમત ૨. ઈએમડી ૩. બીડ વૃદ્ધિની રકમ ૪. ખાતાની વિગત | ઈ-હરાજીનો તારીખ અને સમય |
|---|---|---|---|---|
| ચાંદખેડા (મો) : ૬૩૫૮૮૭૩૪૭૮ દેવાદાર : શ્રી અજય સિંહ પદમ સિંહ ચૌહાણ | મોજે ગામ: નરોડા, તાલુકા : અસારવા, રજીસ્ટ્રેશન ડ્રીસ્ટ્રીક અમદાવાદ સબ ડીસ્ટ્રીક અમદાવાદ-૬ (નરોડા), ગુજરાતના સીમમાં આવેલ સર્વે નં. ૯૫૨ ની ૬૫૭૬ ચો.મી. રહેણાક હેતુ માટેની બીનખેતીની જમીન પર "અંજની રેસીડેન્સી" નામ થી બાંધવામાં આવેલ સ્કીમના ફ્લેટ નંબર બી/૪૦૧, ફોર્થ ફ્લોર ઉપર (પાસ થયેલ પ્લાન મુજબ ત્રીજો માળ), આશરે ૧૦૮.૭૦ ચો.મી. (સુપરબિલ્ટઅપ એરિયા) તથા જમીન માં વ.વ.૪૨.૬૬ ચો.મી. સહીતની મિલકત ના તમામ હક્ક અને હિસ્સા. **ચતુરસીમા : પૂર્વે:** ફ્લેટ નં. બી-૪૦૩ આવેલ છે, **ઉત્તરે :** ફ્લેટ નં. બી-૪૦૨ આવેલ છે. **પશ્ચિમે :** બ્લોક નં. એ આવેલ છે. **દક્ષિણે :** માર્જીનની જગ્યા આવેલ છે. | ૧. ૦૩.૦૫.૨૦૨૪ ૨. રૂા. ૩૬,૯૩,૦૭૦/- અને તેના પર ૦૧.૦૫.૨૦૨૪ થી વ્યાજ અને અન્ય ચાર્જીસ, કાનૂની ખર્ચ વગેરે સાથે ૩. ૦૮.૧૨.૨૦૨૪ ૪. પ્રત્યક્ષ | ૧. રૂા. ૨૯,૯૮,૮૦૦/- ૨. રૂા. ૨,૯૯,૮૮૦/- ૩. રૂા. ૧૦,૦૦૦/- ૪. ખાતા નં. 74780013201017 IFSC: BARB0BGGBXX (FIFTH LETTER IS ZERO) | તારીખ ૨૦.૦૮.૨૦૨૫ સમય સવારે ૧૧:૦૦ થી સાંજે ૫:૦૦ સુધી |

**અરજી અને કેવાયસી સાથે ઈએમડી સબમિટ કરવાની છેલ્લી તારીખ ૧૯.૦૮.૨૦૨૫ સાંજે ૦૪:૦૦ વાગ્યા સુધી. નિરીક્ષણની તારીખ અને સમય : ૧૨.૦૮.૨૦૨૫ (બપોરે ૦૨:૦૦ થી સાંજે ૬:૦૦ સુધી)**

**ઈ-હરાજીના વેચાણના નિયમો અને શરતો:**

વેચાણ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ માં નિર્ધારિત નિયમો અને શરતોને આધીન રહેશે. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને https://www.bankeauctions.com નો સંદર્ભ લો. વધુ પૂછપરછ માટે, કૃપા કરીને સેવા પ્રદાતા **મેસર્સ C1 ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ, શ્રી ભાવિક પંડ્યા (મોબાઇલ +૯૧ ૮૮૬૬૬૮૨૯૩૭); ઇ-મેઇલ આઇડી (Gujarat@C1india.com)** નો સંપર્ક કરો.

**સરફૈસી એક્ટ, ૨૦૦૨ હેઠળ વૈધાનિક ૧૫ દિવસની વેચાણ નોટિસ**

આ નોટિસ દ્વારા દેવાદારો/ગેરંટરોને જાણ કરવામાં આવે છે કે તેઓ હરાજીની છેલ્લી તારીખ પહેલાં માંગણી રકમ વ્યાજ અને અન્ય ખર્ચ સાથે જમા કરાવે, જો નહીં, તો મિલકતોની હરાજી/વેચાણ કરવામાં આવશે અને જો હરાજી/વેચાણ પછી કોઈ રકમ બાકી રહે તો, વ્યાજ અને અન્ય ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે.

સહી/- અધિકૃત અધિકારી, ગુજરાત ગ્રામીણ બેંક

તારીખ : ૦૫.૦૮.૨૦૨૫ | સ્થળ : મહેસાણા

નોંધ : વિવાદની સ્થિતિમાં અંગ્રેજી આવૃત્તિમાં પ્રકાશિત થયેલ નોટીસ માન્ય ગણાશે.